## આંક – ૧ નીચે હુકમ

**૧.** પક્ષકારો વચ્ચે રાજીખુશીથી સમાધાન થયુ. આ કામે એપેલેટન્ટ/રીસ્પોન્ડેન્ટ ધ્વારા **આંક – ૦૭** થી સમાધાન કરવા પરવાનગી અરજી આપેલ છે. જે પરવાનગી અરજી મંજુર રાખેલ છે. **આંક – ૦૮** થી રીસ્પોન્ડેન્ટ ધ્વારા તેઓની ચેકની તમામ રકમ મળી ગયાનુ સોગંદ ઉપર અધિકૃત અધિકારી ધ્વારા જાહેર કરેલ છે. આમ **આંક – ૦૮** નું પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન પુરસીસ ધ્યાને લેતા મુળ ફરીયાદીનાઓએ જાહેર કરેલ છે કે તેઓને ચેકની રકમ મળી ગયેલ છે અને તેઓને એપેલેન્ટ/આરોપી પાસેથી હવે કોઇ રકમ લેવાની રહેતી નથી

**૨. નામદાર સુપ્રિમકોર્ટે દામોદર એસ. પ્રભુ વિરૂધ્ધ સૈયદ બાબુલાલ એચ. ૨૦૧૦ ક્રિમીનલ લો જર્નલ ૨૮૬૦ (સુ.કો)** માં ઠરાવ્યા મુજબ આરોપી અપીલના તબકકે સમાધાન કરી શકે છે. પરંતુ તેઓએ કરેલા વિલંબ બદલ તેઓની ઉપર ચેકની રકમનો ૧૦ થી ૧૫ ટકા જેટલો ખર્ચ નાખીને આ ખર્ચ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળમાં જમા કરાવવો જોઇએ.

**૩.** પક્ષકારોએ રજુ રાખેલા સમાધાન મુજબ જોઇએ તો એપેલન્ટ/આરોપી સમાધાન મુજબની રકમ પરાણે ભેગી કરી શક્યા હોય તેમ જણાઇ છે. તેઓની આર્થીક જરૂરીયાતનુ કારણ ધ્યાને લીધુ.

**૪. મધ્યપ્રદેશ રાજય કાનુની સેવા સત્તા મંડળ વિરુધ્ધ પ્રતિક જૈન અને બીજા ૨૦૧૫(૧) ડી.સી.આર.૧૯૭** માં વધુમાં એવુ ઠરાવ્યુ છે કે, નામદાર સુપ્રિમ કોર્ટના આ માર્ગદર્શનને કાયદાનુ સ્થાન આપી શકાય નહી. નેગોશીયેબલ ઇન્સટ્રુમેન્ટ એકટની કલમ – ૧૪૭માં જયારે સમાધાનના સંજોગોમાં કોર્ટે કેવી રીતે આગળ વધવુ તે અંગે કોઇ માર્ગદર્શન નહીં હોવાથી નામદાર સુપ્રિમકોર્ટના આ ચુકાદાને ચુસ્તતાપુર્વક વળગી રહેવાનુ યોગ્ય જણાતુ નથી. નામદાર સુપ્રિમકોર્ટનો શુભ આશય એ હતો કે પક્ષકારો જો સમાધાન કરવા માંગતા હોય તો શરૂઆતના તબકકે જ સમાધાન કરી નાંખે, જેથી કરીને ન્યાયિક ખર્ચ અને ન્યાયીક સમયની બચત થાય. આ શુભ આશયને હું માનપૂર્વક સ્વીકારુ છુ, પરંતુ પક્ષકરો વચ્ચે સમાધાન થયું હોવાથી અને એપેલન્ટ (મુળ આરોપી) ના આર્થીક સંજોગો વિપરીત હોવાથી

તેઓ ઉપર વધારાનો બોજો લાદવાનુ યોગ્ય સમજાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ :–**

**૧.** એપેલેન્ટ/ મુળ આરોપીની હાલની અપીલ **મંજુર** રાખવામાં આવે છે.

**૨.** વિધ્યાન ટ્રાયલ કોર્ટના ક્રિમીનલ કેસ નં.૧૮૭/૨૦૨૫ માં તા.૦૨/૦૫/૨૦૨૬ ના રોજ આપેલો ચુકાદો રદ કરીને એપેલન્ટ (મુળ આરોપી) ને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ના ગુના સબબ નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ હુકમની નકલ તથા વિધ્વાન ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ જો હોય તો ટ્રાયલ કોર્ટને પરત મોકલી આપવી.

**૪.** આ કામે ડીપોઝીટની રકમ જમા કરાવેલ ન હોય ડીપોઝીટ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

**૫.** ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ ૧૧મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬ **(ઝેડ.વી.ત્રીવેદી)**

પેટલાદ. બીજા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ,

પેટલાદ.

NEXT DATE :